પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૯૬ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; ભાદરવા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ભારત પર ત્રાસવાદી હુમલાનો ખતરો

ભારતીય હવાઈ દળના એરબેઝ પર ત્રાસવાદી હુમલાનો ખતરો : જૈશના આઠથી દસ આતંકવાદીઓ મોટા હુમલા કરવાની ફિરાકમાં : કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ હચમચેલા પાકિસ્તાન અને ખતરનાક આતંકવાદીઓ રક્તપાત સર્જવા સુસજ્જ : ઓરેન્જ એલર્ટની કરાયેલી જાહેરાત

શ્રીનગર, તા. ૨૫

ભારતીય હવાઇ દળના એરબેઝ પર હુમલા કરવા માટેની ઘાતક યોજના ખતરનાક ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદ દ્વારા તૈયાર કરવામાં આવી હોવાના ચોંકાવનારા હેવાલ મળ્યા છે. આ પ્રકારના અહેવાલ મળ્યા બાદ ભારતીય હવાઇ દળના એરબેઝ પર ઓરેન્જ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. તપાસ સંસ્થાઓએ ચેતાવણી આપતા કહ્યુ છે કે જેશે મોહમ્મદના આઠથી દસ ત્રાસવાદીઓના એક મોડ્યુલને લઈને ચેતવણી જારી કરી છે. જે આ હુમલાને અંજામ આપી શકે છે. જમ્મુ કાશ્મીરથી આર્ટિકલ ૩૭૦ની નાબુદી કરવામાં આવ્યા બાદ હચમચી ઉઠેલા ત્રાસવાદીઓ સરહદ પર ગતિવિધીને તીવ્ર કરવા માટે ઇચ્છુક છે. પ્રાપ્ત માહિતી મુજબ ઇન્ટેલિજન્સ એજન્સીઓએ ત્રાસવાદીઓની મુવમેન્ટ પર નજર રાખી હતી. ત્યારબાદ શ્રીનગર, અવંતિપુર , જમ્મુ, પઠાણકોટ તેમજ હિંડન એરબેઝ પર ઓરેન્જ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. તમામ જગ્યાએ સુરક્ષા વ્યવસ્થાને મજબુત કરી દેવામાં આવી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે બે દિવસ પહેલા જ સેના પ્રમુખ બિપિન રાવતે કહ્યુ હતુ કે પાકિસ્તાન સ્થિત બાલાકોટ ટેરર કેમ્પ ફરી સક્રિય છે. અહીં સેંકડોની સંખ્યામાં ફરી ત્રાસવાદીઓ ટ્રેનિંગ લઇ રહ્યા છે. બાલાકોટના ટેરર કેમ્પને ફેબ્રુઆરીના મહિનામાં ભારતે હવાઇ હુમલા કરીને ફુંકી માર્યુ હતુ. જેમાં સેંકડો ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓ પર હુમલા કરવા માટે તેમના આકાઓ દબાણ લાવી રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેના દ્વારા તેમના જોરદાર ઓપરેશનના કારણે ત્રાસવાદીઓની કમર તોડી નાંખવામાં આવી છે. સેંકડો ટોપ ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો છે. ઓરેન્જ એલર્ટ જાહેર કરીને તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. નિષ્ણાંતોના કહેવા મુજબ ઓરેન્જ એલર્ટ રેડ એલર્ટ બાદ બીજી સૌથી મોટી ગંભીર ચેતવણી તરીકે હોય છે. ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યા બાદ એરબેઝ પર મુવમેન્ટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. સ્કુલો બંધ કરી દેવામાં આવ્યા છે. વરિષ્ઠ અધિકારીઓ હમેંશા સુરક્ષા પાસાની સમીક્ષા કરી રહ્યા છે.

પીએમ મોદી, શાહ અને ડોભાલ નિશાન પર

ઈન્ટેલિજન્સ હેવાલમાં દાવો કરવામાં આવ્યો : જેશના ત્રાસવાદીઓ વચ્ચે થયેલી વાતચીતની વિગત હાથ લાગી : દેશના ૩૦ શહેરોની પોલીસને એલર્ટ કરી

નવ દિલ્હી,તા. ૨૫

પાકિસ્તાની ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ પર હુમલા કરવા માટે ત્રાસવાદીઓની એક ખાસ ટુકડી તૈયાર કરી લેવામાં આવી છે. ગુપ્તચર સંસ્થાના સુત્રોઓ માહિતી આપતા કહ્યુ છે કે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ બદલો લેવાના મુડમાં ત્રાસવાદીઓ દેખાઇ રહ્યા છે. આ ત્રાસવાદીઓ કોઇ મોટા હુમલાને અંજામ આપી શકે છે. પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઇના એક મેજર આ સનસનાટીપૂર્ણ હુમલા માટેની તૈયારીમાં જેશના ત્રાસવાદીઓ અને તેમના આકાઓની મદદ કરી રહ્યા છે. વિદેશી ગુપ્તચર એજન્સીએ આ અંગેની માહિતી પુરી પાડી છે. વિદેશી સંસ્થાને જેશના પાકિસ્તાની ત્રાસવાદી શમશેર વાણી અને તેના આકા વચ્ચે થયેલી લેખિત વાતચીત અંગે માહિતી મળી છે. આ જ વિદેશી સંસ્થાએ આ માહિતી હવે ભારતની ગુપ્તચર સંસ્થાને આપવામાં આવી છે. વિદેશી સંસ્થા પાસેથી મળેલી માહિતીને નિહાળી લેવામાં આવ્યા બાદ ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. જેમાં સપ્ટેમ્બર મહિનામાં એક મોટા ત્રાસવાદી હુમલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઇનપુટના આધાર પર જમ્મુ, અમૃતસર, પઠાણકોટ, જયપુર, ગાંધીનગર, કાનુપર અને લખનૌ સહિત કુલ ૩૦ અતિ સંવેદનશીલ શહેરોની પોલીસને એલર્ટ કરી દેવામાંઆવી છે. દોભાલે આર્મીના ઉરી કેમ્પ પર ત્રાસવાદી હુમલા બાદ પાકિસ્તાનની સરહદમાં ઘુસીને કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઇકર અને પુલવામામાં આત્મઘાતી હુમલા બાદ બાલાકોટમાં વાયુ સેનાના હુમલા માટેની યોજનામાં મોટી ભૂમિકા અદા કરી હતી. જેથી દોભાલ હાલમાં ત્રાસવાદીઓન હિટ લિસ્ટમાં છે.

ન્યુઝ ટ્રેક

જમ્મુ-કાશ્મીરમાં પ્રશાસનનો આતંક : ગુલામનબી આઝાદ

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદે કાશ્મીરની મુલાકાત બાદ પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે કાશ્મીરમાં તંત્રનો આતંક છે. અહીં લોકતંત્ર નામની કોઈ વસ્તુ નથી. અહી હાલત બદથી બદતર છે.

અયોધ્યા મામલે આર્કીયોલોજી વિભાગની દલીલ નહી

સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલા અયોધ્યા વિવાદ મામલે આર્કિયોલોજિક સર્વે ઓફ ઈન્ડિયા રજૂઆત કરવામાં આવી હતી. જોકે આ અંગે મુસ્લિમ પક્ષની દલીલ સાંભળવાનો કોર્ટે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. ટ્રાયલ દરમ્યાન વાંધો ઉઠાવાયો ન હોવાના મુદ્દે કોર્ટે મુસ્લિમ પક્ષની દલીલ ગ્રાહ્ય રાખી ન હતી.

ટેરરીસ્તાન સાથે વાત નહી : વિદેશમંત્રી

ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે જમ્મુ-કાશ્મીર મુદ્દે કહ્યુ છે કે ભારત ટેરરીસ્તાન સાથે વાત નહી કરે. પાકિસ્તાન આતંકવાદી ગતિવિધિઓને સંપૂર્ણ સમાપ્ત નહી કરે ત્યાં સુધી કોઈ વાતચીત કરવામાં નહી આવે.

ભારતીય વાયુસેનાનું મિગ ૨૧ દુર્ઘટનાગ્રસ્ત

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ભારતીય વાયુસેનાનું એક મિગ ૨૧ વિમાન ગ્વાલિયરમાં ક્રેશ થઈ ગયું છે. જોકે, દુર્ઘટનાગ્રસ્ત વિમાનના બંને પાયલટ સુરક્ષિત છે.

સેંસેક્સ ૫૦૪ પોઈન્ટ ઘટીને બંધ

સેંસેક્સે ફરી એકવાર ૩૯૦૦૦ની સપાટી ગુમાવી દીધી : પાવર ગ્રીડના શેરમાં ચાર ટકાનો સૌથી મોટા ઉછાળો, એસબીઆઈના શેરમાં આઠ ટકા સુધીનો ઘટાડો : આઈટી સિવાય બધા સેક્ટરલ ઈન્ડેક્સમાં ઘટાડો

મુંબઈ, તા. ૨૫

શેરબજારમાં હાલમાં ભારે પ્રવાહી સ્થિતી જોવા મળી રહી છે. આજે વેચવાલી વચ્ચે સેંસેક્સમાં મોટો ઘટાડો થયો હતો. જુદા જુદા વૈશ્વિક પરિબળો વચ્ચે બીએસઈ સેંસેક્સ ૫૦૪ પોઈન્ટ ઘટીને ૩૮૫૯૩ની નીચી સપાટી પર રહ્યો હતો. સેંસેક્સે ફરી એકવાર ૩૯ હજારની સપાટી ગુમાવી દીધી હતી. અમેરિકામાં છવાયેલી રાજકીય અનિશ્ચિતા, ભારે વેચવાલી અને એશિયન વિકાસ બેંક (એડીબી) દ્વારા એશિયન અર્થવ્યવસ્થામાં મંદીના સંકેત આપવામાં આવ્યા બાદ બજારમાં જોરદાર કડાકો બોલી ગયો હતો. રોકાણકારોએ મોટી રકમ આજે વેચવાલી વચ્ચે ગુમાવી દીધી હતી. એનએસઈમાં નિફ્ટી ૧૪૮ પોઈન્ટ ઘટીને ૧૧૪૪૦ની નીચી સપાટી પર બંધ રહ્યો હતો. દિવસભરના કારોબારમાં સેંસેક્સે ૩૯૦૮૭ની ઉપરની અને ૩૮૫૧૧ની નીચલી સપાટી હાંસલ કરી હતી. નિફ્ટી પર કારોબાર દરમિયાન ૧૧૫૬૫ની ઉંચી સપાટી અને ૧૧૪૧૬ની નીચી સપાટી પર રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન પાવર ગ્રીડ કોર્પના શેરમાં ચાર ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. એસબીઆઈના શેરમાં સૌથી વધારે આશરે આઠ ટકાનો ઘટાડો રહ્યોહતો. શેરબજારમાં ૩૦ શેર પૈકી ૨૩ શેરમાં મંદી રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો આઈટી સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં સૌથી વધારે છ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. ત્યારબાદ નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ચાર ટકા સુધીનો અને નિફ્ટી રિયાલિટીમાં ૩.૫ ટકા સુધીનો ઘટાડો થયો હતો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૦.૧૩ ટકા સુધીનો સુધાર થયોહતો.

બીએસઈ સેંસેક્સ ગઈકાલે મંગળવારના દિવસે માત્ર સાત પોઈન્ટ સુધરીને ૩૯૦૯૭ની સપાટીએ રહ્યો હતો. આવી જ રીતે એનએસઈમાં બેંચમાર્ક નિફ્ટીમાં ૧૨ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૧૫૮૮ રહી હતી. શેરબજારમાં હાલમાં બે દિવસની તેજીના કારણે મૂડીરોકાણકારોની સંપત્તિમાં ૧.૫૦ લાખ કરોડ રૂપિયાનો વધારો થઈ ગયો હતો.

મોદીને ગ્લોબલ ગોલકિપર્સ એવોર્ડ

બિલ ગેટ્સ હાજર : સ્વચ્છતાને સ્વીકારીને તેમને એવોર્ડ સમર્પિત છે : ન્યુયોર્કમાં ફાઉન્ડેશનના વડા બિલ ગેટ્સે આપેલ સન્માન

ન્યુયોર્ક,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશમાં સ્વચ્છતા અભિયાનને સફળ રીતે આગળ વધારી દેવા બદલ

બિલગેટ્સ મિલિન્ડા ફાઉન્ડેશન દ્વારા પ્રતિષ્ઠિત ગ્લોબલ ગોલકિપર્સ એવોર્ડ આપવામાં આવ્યો છે. ફાઉન્ડેશનના કો ચેરમેન બિલ ગેટ્સે મોદીને સન્માન આપ્યુ હતુ. આ પ્રસંગે મોદીએ કહ્યુ હતુ કે આ સન્માન તેઓ એવા ભારતીય લોકોને સમર્પિત કરવા માટે ઇચ્છુક છે જે લોકોએ સ્વચ્છ ભારત મિશનને એક જન આંદોલનમાં ફેરવી રહ્યા છે. સાથે સાથે સ્વચ્છતાને પોતાની દરરોજની લાઇફમાં પ્રાથમિકતા આપી રહ્યા છે. મોદીએ કહ્યુ હતુ કે દુનિયાના દેશોના લોકોને પોતાના અનુભવ વહેંચવા માટે તૈયાર છે. મોદીએ કહ્યુ હતુ કે હાલમાં કોઇ દેશ અને દુનિયામાં એવા અભિયાન ચાલી રહ્યા હતા. આ મિશનના કારણે જો કોઇને સૌથી વધારે લાભ થયો છે તો તે દેશના ગરીબ લોકોને થયો છે. દેશની મહિલાઓને લાભ થયો છે. મોદીએ આ પ્રસંગે કહ્યુ હતુ કે ભારત સ્વચ્છતાને લઈને પોતાના અનુભવ અને પોતાની વિશેષતાને દુનિયાના દેશો સમક્ષ રજૂ કરવા માટે ઇચ્છુક છે. અમે વિશ્વને એક પરિવાર તરીકે ગણી રહ્યા છીએ.

ઈમરાનનું 'મિશન કાશ્મીર' નિષ્ફળ

ચીન સિવાય અન્ય દેશોનું સમર્થન મેળવવામાં નિષ્ફળતા : કાશ્મીર મુદ્દે વિશ્વના દેશોનું સમર્થન નહીં મળતા ઈમરાને બળાપો ઠાલવ્યો

યુએન,તા.૨૫

પાકિસ્તાનના વડાપ્રધાન

ઈમરાન ખાને સ્વીકાર્યુ છે કે, કાશ્મીર મુદ્દાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવામાં અમે નિષ્ફળ રહ્યા છીએ. ઈમરાને મંગળવારે કહ્યું કે, કાશ્મીર મુદ્દા પર ખાસ ધ્યાન ન આપવા અંગે આંતરરાષ્ટ્રીય સમુદાયથી તેઓ નારાજ છે. જમ્મુ કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવાયા બાદ છેલ્લા ઘણા સમયથી પાકિસ્તાન દરેક વૈશ્વિક મંચ આ મુદ્દાને ઉઠાવી રહ્યું છે, પણ ચીન સિવાય હવે તેને કોઈનો સાથ મળતો નથી.

ઈમરાને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સિવાયના એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, હું આંતરરાષ્ટ્રીય સમુદાયથી નારાજ છું. જો ૮૦ લાખ યૂરોપિયન અથવા જ્યૂસ(યહૂદી) અથવા ફક્ત ૮ અમેરિકી જ ક્યાંક ફસાયા હોય તો શું વૈશ્વિક નેતાઓનું વલણ

● અનુસંધાન પાન-૭ પર

'મને જેલમાં મોકલવો હોય તો તૈયાર છું' : શરદ પવાર

પુણે,તા. ૨૫

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની પૂર્વસંધ્યાએ રાજ્યના પીઢ નેતા અને એનસીપીના પ્રમુખ શરદ પવારે કહ્યું હતું કે મને જેલમાં મોકલવાની કોઇ પક્ષ કે નેતાની યોજના હોય તો હું તેનું સ્વાગત કરું છું. મહારાષ્ટ્ર સહકારી બેંક કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શરદ પવાર અને તેમના ભત્રીજા અજિત પવાર પર મની લોન્ડરીંગનો કેસ દાખલ કર્યો હતો. એના સંદર્ભમાં પવાર બોલી રહ્યા હતા. પવારે કહ્યું કે મને હજુ જેલનો કેદી તરીકે કોઇ અનુભવ થયો નથી. એટલે મને જેલમાં મોકલવાની કોઈની યોજના હોય તો હું એનું સ્વાગત કરું છું અને જેલમાં જવા તૈયાર છું. મારી વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હોવાની માહિતી મને મળી છે. તેમણે કહ્યું કે મુંબઇ પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વીંગના કહેવાથી મારી સામે આ કેસ માંડવામાં આવ્યો છે. મુંબઇ પોલીસની એફઆઈઆરમાં બેંકના અધ્યક્ષ, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર અજિત પવાર અને બેંકના બીજા ૭૦ અધિકારીઓ ઉપરાંત મારા નામનો પણ ઉલ્લેખ છે એવું મને કહેવામાં આવ્યું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

હાર્દિક અભિનંદન

કરણસિંહ બી. વાઘેલા (એડવોકેટ)
ચેરમેન - રૂલ્સ કમિટી - બાર કાઉન્સિલ ઓફ ગુજરાત

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં આપની રૂલ્સ કમિટીના ચેરમેન તરીકે બિનહરિફ વરણી થવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન....

શુભેચ્છકો

પી. બી. ગોહિલ (એડવોકેટ)
આર. આર. રાઓલ (એડવોકેટ)
જયદિપસિંહ વી.વાઘેલા (એડવોકેટ)
રાજેન્દ્રસિંહ બી. ખેર (એડવોકેટ)
આર. આર. બિહોલા (એડવોકેટ)
એ. વી. રાઠોડ (એડવોકેટ)
પી. બી. રાઠોડ (એડવોકેટ)
એમ. કે. રાઠોડ (એડવોકેટ)
જીતેન્દ્રસિંહ એચ. ગોહિલ (એડવોકેટ)
કેતુલ પટેલ (એડવોકેટ)

ડુંગળી ૨૪ રૂપિયા કિલોના ભાવે મળશે : પાસવાન

નવી દિલ્હી, તા. ૨૫

ડુંગળીની વધતી જતી કિંમતોને લઈને સામાન્ય લોકો ભારે પરેશાન થયેલા છે ત્યારે કેન્દ્રિય મંત્રી રામવિલાસ પાસવાને આજે મોટી રાહત સામાન્ય લોકોને આપી હતી. પાસવાને કહ્યું હતું કે, ડુંગળીની કોઈ પણ પ્રકારની કટોકટી નથી. કેન્દ્ર સરકારની પાસે ડુંગળીનો પુરતો સ્ટોક અથવા તો જથ્થો રહેલો છે. લોકોને ૨૪ રૂપિયા કિલોના ભાવે ડુંગળી ઉપલબ્ધ કરાવવામાં આવશે. પાસવાને કહ્યું હતું કે, ડુંગળીને લઈને આવી રહેલા અહેવાલ આધારવગરના છે. કોઈપણ પ્રકારની કટોકટી નથી. પાસવાને દિલ્હીને પાંચ દિવસ સુધી પ્રતિ દિવસે ૧૦૦ ટન ડુંગળીનો જથ્થો આપવાની વાત કરી છે. દેશભરમાં ડુંગળીની કિંમતો હાલમાં તમામને રડાવી રહી છે ત્યારે પાસવાનની આ ખાતરી નવી આશા જગાવે છે. દેશભરમાં ડુંગળીની કિંમતો હાલમાં ૬૦થી લઈને ૮૦ રૂપિયા સુધી પ્રતિકિલોના ભાવે પહોંચી ચુકી છે. કેન્દ્ર સરકાર ત્રિપુરા,

● અનુસંધાન પાન-૭ પર